# "બી-૨૦ ઈન્ડિયા" ઈન્સેપ્શનના ત્રીજા દિવસે ડેલિગેટ્સે ગીફ્ટ સિટીની મુલાકાત લીધી

**ગીફ્ટ** સિટીના કોન્સેપ્ટની માહિતી આપવામાં આવી




ગાંધીનગર : ગાંધીનગર ખાતે જી૨૦ અંતર્ગત આયોજિત બી-૨૦ ઈન્ડિયા ઈન્સેપ્શન મીટિંગના અંતિમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલીગેટ્સે વૈશ્વિક ફાયનાન્સિયલ અને આઈટી સર્વિસ હબ તરીકે વિકસી રહેલા ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક સિટી-ગીફ્ટ સિટીની મુલાકાત લીધી હતી.

સૌપ્રથમ ગીફ્ટ હાઉસ ખાતે ડેલીગેટ્સને ગીફ્ટ સિટીનો કોન્સેપ્ટ શું છે? કેવી રીતે કામ કરે છે? તેની વિશેષતા શું છે? તે અંગે અંગે જનરલ મેનેજર નિસર્ગ આચાર્ય દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ડેલીગેટ્સે ગીફ્ટ સિટી અંગેની એક ફિલ્મનું પણ નિદર્શન કર્યું હતું.

બાદમાં ડેલીગેટ્સે ગીફ્ટ સિટીના અદ્યતન અને વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન પ્લાન્ટ, ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ અને યુટીલિટી ટનલની પણ મુલાકાત લીધી હતી. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગીફ્ટ સિટીમાં સિંગલ વિન્ડો સિસ્ટમથી આપવામાં આવતી બિઝનેસ ફ્રેન્ડલી સેવાઓ અને ગીફ્ટ સિટીના વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ડેલીગેટ્સ ખૂબ જ પ્રભાવિત થયા હતા, અને ખૂબ જ રસ દાખવીને વિવિધ માહિતી પણ મેળવી હતી.

# બંધારણના મૂળભૂત ઢાંચામાં ફેરફાર કરવાનો સંસદને અધિકાર છે?

ટુ ધ પોઇન્ટ ▪ સમકિત શાહ ▪

ભારતનું નવું બંધારણ અમલમાં આવ્યું તેનાં ૭૩ વર્ષ પછી બંધારણ સર્વોપરી કે સંસદ? તેનો વિવાદ ઉગ્ર બની રહ્યો છે. ૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીએ બંધારણ અમલમાં આવ્યું તે પછી તે બંધારણ પ્રમાણે લોકસભાની ચૂંટણીઓ યોજાઇ હતી અને સંસદ અસ્તિત્વમાં આવી હતી. આ રીતે સંસદને બંધારણનું સંતાન કહી શકાય. કોઈ સંતાનને પોતાના માબાપની કુંડળીમાં ફેરફાર કરવાનો અધિકાર હોઈ શકે ખરો? તેમ થઈ શકે ખરું? જે બંધારણનો ઉપયોગ કરીને શાસક પક્ષ સત્તા પર આવ્યો હોય, તે સત્તાનો ઉપયોગ કરીને તે બંધારણનો નાશ કરી શકે ખરો? દેશની સંસદ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા રચાતી હોય છે, માટે તેને નવા કાયદાઓ ઘડવાનો અને જૂના કાયદાઓમાં સુધારાઓ કરવાના અધિકારો તો આપવામાં આવેલા જ છે. અગાઉ માનવામાં આવતું હતું કે સંસદ મૂળભૂત અધિકારો પર તરાપ મારી શકે નહીં. સુપ્રિમ કોર્ટે સંસદનો તે અધિકાર પણ માન્ય કર્યો હતો, પણ તેની સાથે લક્ષ્મણરેખા પણ દોરી આપી હતી કે સંસદ બંધારણના મૂળભૂત ઢાંચામાં ફેરફાર કરી શકે નહીં. આ મૂળભૂત ઢાંચો એટલે શું? તેની પણ સ્પષ્ટ વ્યાખ્યા સુપ્રિમ કોર્ટે કેશવાનંદ ભારતી કેસમાં બાંધી હતી. હવે આપણી સરકાર તે મૂળભૂત ઢાંચામાં પણ ફેરફાર કરીને ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા માગે છે, માટે પ્રચાર થઈ રહ્યો છે કે બંધારણ નહીં પણ સંસદ સર્વોપરી છે અને સંસદને બંધારણના મૂળભૂત ઢાંચાને ખતમ કરવાનો પણ અધિકાર છે.

ભારતનું બંધારણ ઘડાયું ત્યારે તેમાં નાગરિકોને કેટલાક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા. તેમાં સંપત્તિ ધારણ કરવાના અધિકારનો પણ સમાવેશ થતો હતો. ભારતની ચૂંટાયેલી સરકારોને પ્રારંભથી જ આ મૂળભૂત અધિકાર ખૂંચતો હતો. ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ ૧૯૫૦માં જમીનદારી નાબુદીના કાયદાઓ ઘડીને આ મૂળભૂત અધિકાર ઉપર આક્રમણ કર્યું હતું. ૧૯૭૦ના દાયકામાં સુપ્રિમ કોર્ટે સરકારની વિરુદ્ધમાં કેટલાક ચુકાદાઓ આપ્યા હતા. ૧૯૬૭ના ગોલકનાથ કેસમાં સુપ્રિમ કોર્ટે સંપત્તિ ધરાવવાના મૂળભૂત અધિકારની રક્ષા કરી હતી. ૧૯૭૦માં આર.સી. કૂપરના કેસમાં બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવાનાં પગલાંને રદ કરવામાં આવ્યું હતું. માધવરાવ સિંધિયાના કેસમાં રાજાઓનાં સાલિયાણાં રદ કરવાનાં પગલાંને ગેરબંધારણીય ગણાવવામાં આવ્યું હતું. આ બધા ચુકાદાઓને ઉલટાવી નાખવા તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ બંધારણમાં ૨૪, ૨૫, ૨૬ અને ૨૯ નંબરના સુધારાઓ કરાવીને સંપત્તિ ધરાવવાના અધિકાર સહિતના કેટલાક મૂળભૂત અધિકારો પર તરાપ મારી હતી.

ગોલકનાથ કેસમાં સુપ્રિમ કોર્ટના ૧૧ જજોની બેન્ચે ઠરાવ્યું હતું કે સરકાર કે સંસદ સંપત્તિ ધરાવવાના અધિકાર સહિતના કોઈ પણ મૂળભૂત અધિકારને રદ કરી શકે નહીં. આ ચુકાદો તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીને માન્ય નહોતો. દરમિયાન કેરળની સરકારે જમીન સુધારણાના કાયદામાં કેટલાક ફેરફારો કરીને એડનીર મઠની જમીન પર સરકારનો કબજો જમાવી દીધો હતો. એડનીર મઠના સ્વામી કેશવાનંદ ભારતીએ આ કાયદાને કેરળની હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. હાઇ કોર્ટમાં તેઓ હારી ગયા હતા. તેમણે કેરળના કાયદાને સુપ્રિમ કોર્ટમાં પડકારતી વખતે ઇન્દિરા ગાંધીની સરકારે કરેલા ૨૯મા બંધારણીય સુધારાને પણ પડકાર્યો હતો, જેમાં જમીન સુધારણા કાયદાને કોર્ટના અધિકારક્ષેત્રની બહાર ગણવામાં આવ્યા હતા. કેશવાનંદ ભારતી દ્વારા સુપ્રિમ કોર્ટમાં બંધારણના ૨૪, ૨૫ અને ૨૬ નંબરના સુધારાને પણ પડકારવામાં આવ્યા હતા.

તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી માટે આ કેસ પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગયો હતો. ત્યારે સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એમ. સિક્રી હતા. તેમણે કેશવાનંદ ભારતી કેસની સુનાવણી માટે ૧૩ જજોની બેન્ચ બનાવી હતી, જે મોટામાં મોટી બેન્ચ હતી. તેની સમક્ષ ૬૮ દિવસ માટે સુનાવણી ચાલી હતી. કેસના મુખ્ય મુદ્દાઓ બાબતમાં સુપ્રિમ કોર્ટના જજોમાં પણ તીવ્ર મતભેદો હતા. ચીફ જસ્ટિસ સહિતના સાત જજો સરકારની વિરુદ્ધમાં હતા તો છ જજો સરકારની તરફેણમાં હતા. ૧૩ જજો દ્વારા ૧૧ તો ચુકાદાઓ આપવામાં આવ્યા હતા. બહુમતી સાત જજો દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો કે સંસદ મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરી શકે છે; પણ ભારતના બંધારણના મૂળભૂત ઢાંચાને બદલી શકતી નથી. આ મૂળભૂત ઢાંચો ક્યો? તેની વ્યાખ્યા પણ કેશવાનંદ ભારતી કેસમાં કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટના મતે ભારતનું બંધારણ લોકશાહી, પ્રજાસત્તાક, સમવાયી અને બિનસાંપ્રદાયિક છે. કોઈ પણ સરકાર કે સંસદ તે ઢાંચામાં ફેરફાર કરી શકતી નથી.

સુપ્રિમ કોર્ટનો ચુકાદો કેશવાનંદ ભારતીની વિરુદ્ધમાં આવ્યો હતો, કારણ કે સુપ્રિમ કોર્ટે મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરવાના સંસદના અધિકારને માન્ય કર્યો હતો. જો કે આ ચુકાદો સરકારની પણ વિરુદ્ધમાં હતો; કારણ કે સુપ્રિમ કોર્ટે ૩૬૮મી કલમ મુજબ બંધારણમાં ફેરફાર કરવાના સંસદના અધિકારને મર્યાદિત બનાવી દીધો હતો. આ કેસમાં કેશવાનંદ ભારતીના વકીલો તરીકે નાની પાલખીવાલા અને સોલી સોરાબજી હતા. કેશવાનંદ ભારતીના કેસમાં પક્ષકાર તરીકે ભારતની કેટલીક કંપનીઓ પણ જોડાઇ હતી. વકીલોની ફી તેમણે ચૂકવી હતી.

૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીના રોજ ભારતનું જે બંધારણ અમલમાં આવ્યું તેમાં આજ દિન સુધીમાં કુલ ૧૦૫ સુધારાઓ થઇ ચૂક્યા છે. કેટલાક સુધારાઓ નાગરિકોને વધુ અધિકારો આપવા માટે કરવામાં આવ્યા છે તો કેટલાક સુધારાઓ નાગરિકોના અધિકારો ઝૂંટવીને સરકારને વધુ સત્તા આપવા માટે કરવામાં આવ્યા છે. બંધારણમાં સુધારા બાબતમાં પ્રજાના હાથમાં કોઇ સત્તા નથી. તે સત્તા સંસદના અને સુપ્રિમ કોર્ટના હાથમાં છે. કેશવાનંદ ભારતી કેસમાં સંસદની સત્તા પર સુપ્રિમ કોર્ટ દ્વારા નિયંત્રણો લાદવામાં આવ્યાં હતાં તેને કારણે તે કેસ યાદગાર બની રહ્યો છે.

તાજેતરમાં સુપ્રિમ કોર્ટના અને હાઈ કોર્ટના જજોની નિમણૂક બાબતમાં સુપ્રિમ કોર્ટના કોલેજિયમ અને કેન્દ્ર સરકાર વચ્ચે જે ગજગ્રાહ ચાલી રહ્યો છે, તેના મૂળમાં પણ ભાજપનો અને સંઘપરિવારનો હિન્દુ રાષ્ટ્રનો એજન્ડા છે. જો ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું હોય તો બંધારણનો મૂળભૂત ઢાંચો જ બદલવો પડે, કારણ કે સુપ્રિમ કોર્ટની વ્યાખ્યા મુજબ ભારત લોકશાહી, પ્રજાસત્તાક, સમવાયી અને સેક્યુલર દેશ છે. કોઈ પણ સેક્યુલર દેશને કોઈ રીતે હિન્દુ રાષ્ટ્ર જાહેર કરી શકાય નહીં. જો સંસદ દ્વારા ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવામાં આવે તો તેને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવે. સુપ્રિમ કોર્ટ કેશવાનંદ ભારતી કેસના ચુકાદા મુજબ આ સુધારો રદ કર્યા વિના રહે નહીં.

જો સુપ્રિમ કોર્ટના બહુમતી જજો સરકારના સમર્થનમાં હોય તો સરકાર સુપ્રિમ કોર્ટની મંજૂરીપૂર્વક પણ કેશવાનંદ ભારતી કેસના ચુકાદાને ઉથલાવી શકે અને પછી બંધારણનો મૂળભૂત ઢાંચો પણ બદલી શકે. કોલેજિયમ સિસ્ટમને કારણે કેન્દ્ર સરકાર પોતાના માનીતા જજોને સુપ્રિમ કોર્ટમાં લાવી શકતી નથી. માટે કાયદા પ્રધાન કિરણ રિજિજુ સતત કોલેજિયમ સિસ્ટમ પર પ્રહારો કરી રહ્યા છે. જે દિવસે કોલેજિયમ સિસ્ટમ ખતમ થશે તે દિવસે સુપ્રિમ કોર્ટની સ્વાયત્તતાનો પણ અંત આવશે. પછી સુપ્રિમ કોર્ટ સરકારનો પાલીતો પોપટ બની ગયા વિના રહેશે નહીં.

**સુપ્રિમ કોર્ટના મતે ભારતનું બંધારણ લોકશાહી, પ્રજાસત્તાક, સમવાયી અને બિનસાંપ્રદાયિક છે. કોઈ પણ સરકાર કે સંસદ તે ઢાંચામાં ફેરફાર કરી શકતી નથી**

# ધો.૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી 7મી ફેબ્રુઆરીએ, હોલ ટિકિટ જાહેર

**બંને** પ્રશ્નપત્ર મળી 100 પ્રશ્નના 100 ગુણ હશે, જે માટે વિદ્યાર્થીઓને 120 મિનીટનો સમય આપવામાં આવશે

અમદાવાદ : ગુજરાત શિક્ષણ બોર્ડ ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રતિભા બહાર લાવવા માટે પ્રખરતા શોધ કસોટીનું આયોજન કરે છે. આ વર્ષે બોર્ડે આગામી સાતમી ફેબ્રુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટીનું આયોજન કર્યું છે, તે માટેની હોલ ટિકિટ જાહેર કરી દેવામાં આવી છે.

કસોટીમાં ઓએમઆર શીટમાં બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા પત્રકનો ઉપયોગ કરવામાં આવશે. પરીક્ષામાં 2 પ્રશ્નપત્ર લેવાશે. જેમાં પહેલા પ્રશ્નપત્રમાં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન વિષય આવરી લેવાશે. તમામ વિષયના 30-30 પ્રશ્ન પૂછાશે. જ્યારે પ્રશ્નપત્ર બેમાં ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતા વિષયના 30-30 પ્રશ્નો પૂછાશે. આમ બંને પ્રશ્નપત્ર મળી 100 પ્રશ્નના 100 ગુણ હશે.

જે માટે 120 મિનિટનો સમય આપવામાં આવશે. પ્રશ્નપત્ર-1 બપોરનાં 11:00થી 13:00 કલાક સુધી અને પ્રશ્નપત્ર-2 બપોરનાં 14:00થી 16:00 કલાક સુધી ચાલશે. પ્રશ્નપત્ર એક અને બેમાં કુલ 200 ગુણમાંથી પર્સન્ટાઇલ પ્રમાણે કુલ એક હજાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપશે.

# રાજ્યમાં કોરોનાના નવા ત્રણ દર્દી નોંધાયા



ગાંધીનગર : રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં કોરોનાના નવા ત્રણ કેસ નોંધાયા છે. આ ત્રણ કેસમાં અમદાવાદ મનપામાં બે અને બનાસકાંઠામાં એક કેસ નોંધાયો છે. જ્યારે બીજી તરફ આજે પાંચ કોરોના દર્દીઓ સાજા થયા છે. હજુ પણ 25 એક્ટિવ કેસ છે. જેમાં એક દર્દી વેન્ટિલેટર ઉપર છે.રાજ્યમાં સાંજે 5 વાગ્યા સુધીમાં 6 હજાર લોકોનું રસીકરણ કરાયું છે.

જેમાં 18 વર્ષ થી વધુ ઉમરના 199 લોકોને રસીનો પ્રથમ ડોઝ, તથા 546 લોકોને રસીનો બીજો ડોઝ, 15 થી 17 વર્ષ સુધીના ઉમરના 8 યુવક - યુવતીને રસીનો પ્રથમ ડોઝ તથા 202 યુવક - યુવતીને રસીનો બીજો ડોઝ, જ્યારે 706 લોકોને રસીનો પ્રીકોશન ડોઝ અપાયો છે. 12 થી 14 વર્ષ સુધીના 3 બાળકોને પ્રથમ ડોઝ તથા 1 બાળકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. તેમજ 18 થી 59 વર્ષના 5158 લોકોને પ્રિકોશન ડોઝ અપાયો છે. આ રસીકરણમાં હેલ્થ કેર વર્કર તથા ફ્રન્ટ લાઈન વર્કરનો પણ સમાવેશ થઈ જાય છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં 12,80,12,725 લોકોને રસી અપાઈ છે.

# BUSINESS મિત્ર

## મારુતિના જબરજસ્ત પરિણામની પાછળ શેરોમાં જોરદાર ઉછાળો

# ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ વચ્ચે સેન્સેક્સ-નિફ્ટીમાં સામસામી રાહ જોવાયા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 24

ગઇકાલે વોલસ્ટ્રીટમાં તેજીનો દોર રહેતાં આજે ભારતીય શેરબજારમાં પોઝિટિવ ખુલ્યા હતા, બાદમાં બેઉતરફી વધઘટ રહ્યા બાદ ભારતીય શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં સામસામી રાહ સાથ સપાટ બંધ રહ્યા હતા. વોલસ્ટ્રીટમાં ખાસ કરીને ટેકનો શેરોમાં તેજી જોવા મળી હતી અને તેની પાછળ ભારતીય શેરબજારમાં પણ આઇટી-ટેકનો શેરોમાં લેવાલી જોવા મળી હતી. આવનારા દિવસોમાં આઇટી-ટેકનો શેરો એક્ટીવ જોવા મળશે, તેમાં ધીમે ધીમે સક્રિયતા જોવા મળી રહી છે. જેમાં તેજી ગુંથાઇ રહી છે, આવનારા દિવસોમાં વધુ તેજીમય રહે તેવું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આજે મારૂતિ સુઝુકીના ત્રીજા ક્વાર્ટરના પરિણામ જાહેર થયા હતા, જે અપેક્ષા કરતાં ઘણા સારા પરિણામ આવ્યા છે અને નફો 132 ટકા જેટલો વધ્યો છે, આમ મારૂતિ સુઝુકીની આગેવાની હેઠળ ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી. આજે શેરબજારમાં ઓટો શેરોમાં નવેસરથી ખરીદીએ તેજી જોવા મળી હતી. આજે ભારતીય શેરબજારમાં ઓટો, આઇટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોમાં લેવાલી રહેતા સુધર્યા હતા, જ્યારે પીએસયુ બેન્ક, મેટલ્સ અને ફાર્મા શેરોમાં ઉપલા સ્તરેથી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

### રૂપિયામાં વધુ ઘટાડો ચાલુ, 31 પૈસા ઘટયો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 24. કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયામાં વધુ ઘટાડો ચાલુ રહેવા પામ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો સતત બીજા દિવસે તૂટયો હતો અને આજે વધુ 31 પૈસા તૂટીને 81.71ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેસન્સમાં ડોલરની સામે રૂપિયો 81.40ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 88.76, પાઉન્ડ 100.64, ઓસ્ટ્રેલિયન ડોલર 57.32, જાપાનીઝ યેન 0.6279 અને સીંગાપોર ડોલર 61.91ના સ્તરે બંધ રહ્યા હતા.

**સેન્સેક્સ 37 પોઇન્ટ સુધર્યો, જ્યારે નિફ્ટી 0.25 પોઇન્ટ ઘટી**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 37.08 પોઇન્ટ એટલે કે 0.06 ટકા વધીને 60978.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 61266.06 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા, આમ, સતત બીજા દિવસે સેન્સેક્સ ઇન્ટ્રાડેમાં 61000 પોઇન્ટને પાર કર્યો હતો, પરંતુ તે ટકી શક્યો નહતો. જ્યારે નીચામાં 60849 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીમાં બેઉતરફી વધઘટે છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. આજે નિફ્ટી 0.25 પોઇન્ટ ઘટીને 18118.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 18200 પોઇન્ટની સપાટી કુદાવીને 18201.25 પોઇન્ટ સ્તર સુધી વધી હતી, જ્યારે નાચમાં 18079 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 87.80 પોઇન્ટ એટલે કે 0.21 ટકા ઘટીને 42733.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટીએ ફરી એકવાર 43000 પોઇન્ટની સપાટી કુદાવી હતી, પણ ઉંચામાં બંધ રહી નહતી. બીએસઇ ખાતે રૂટ મોબાઇલમાં 20.96 ગણા, ઝેન્સર ટેકનોલોજીમાં 7.01 ગણા, સુવેન ફાર્મામાં 3.56 ગણા, સ્ટાર હેલ્થમાં 3.04 ગણા અને તાતા એલેક્સીમાં 2.9 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે રૂટ મોબાઇલમાં 21.34 ગણા, મેડપ્લસ હેલ્થમાં 10.1 ગણા, ઝેન્સર ટેકનોમાં 8.65 ગણા, હેપીએસ્ટ માઇન્ડમાં 7.79 ગણા, ઇન્ડોકો રેમેડીઝમાં 6.91 ગણા કામકાજ નોંધાયા છે.

**બ્રોડર માર્કેટમાં વેચવાલી ચાલુ રહી, માર્કેટ બ્રેડથ નરમ**

લાર્જકેપ શેરોમાં અસ્થિરતાના પગલે આજે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી જોવા મળી હતી અને મોટા ભાગના પસંદગીના શેરોમાં વેચવાલીનું દબાણ રહેતા ઘટયા હતા. જેના લીધે બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.30 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.43 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1536 શેરો વધ્યા હતા, જ્યારે 1971 શેરો ઘટયા હતા અને 143 શેરો યથાવત રહ્યા હતા.આજે મારૂતિની આગેવાની હેઠળ ઓટો શેરોમાં લેવાલીએ નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 1.23 ટકા વધ્યો હતો, જે છેલ્લા બે ટ્રેડિંગ સેસન્સમાં 2.07 ટકા વધ્યો છે. જેમાં સોના બીએલડબલ્યુ 3.55 ટકા, ટયુબ ઇન્વેસ્ટમેન્ટ 1.97 ટકા, બજાજ ઓટો 1.74 ટકા, બોશ 0.73 ટકા, આઇશર મોટર 0.72 ટકા, સમવર્ધના મધરસન ઇન્ટરનેશલ 0.68 ટકા, ટીવીએસ મોટર 0.22 ટકા અને એમઆરએફ 0.15 ટકા વધ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 37.08 | 60978.75 |
| **નિફ્ટી** | -0.20 | 18118.30 |
| **બેન્ક નિફ્ટી** | -87.90 | 42733.40 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા મોટર્સ | 3.37 | 422.15 |
| મારૂતિ સુઝુકી | 3.35 | 8698.80 |
| બજાજ ઓટો | 1.74 | 3686.50 |
| એચસીએલ ટેકનો | 1.49 | 1137.85 |
| બ્રિટાનીયા | 1.34 | 4396.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એક્સીસ બેન્ક | 2.41 | 910.20 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.96 | 4252.75 |
| હિન્ડાલ્કો | 1.93 | 484.65 |
| પાવરગ્રીડ | 1.84 | 220.95 |
| ગ્રાસીમ | 1.72 | 1603.20 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા મોટર્સ | 3.34 | 422.10 |
| મારૂતિ સુઝુકી | 3.27 | 8698.60 |
| એચસીએલ ટેકનો | 1.47 | 1137.65 |
| એચડીએફસી બેન્ક | 1.35 | 1695.30 |
| એચડીએફસી | 0.92 | 2766.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એક્સીસ બેન્ક | 2.50 | 910.05 |
| પાવરગ્રીડ | 1.76 | 221.00 |
| તાતા સ્ટીલ | 1.35 | 120.35 |
| કોટક બેન્ક | 1.31 | 1759.90 |
| લાર્સન | 1.18 | 2207.05 |

**યાર્ન બજાર** — જીએસટી સાથેના ભાવ — સુરત નરેશ / મુકેશ ઘીવાળા — ૩૫૧૬૪૪૬, ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૦૦ | ૫૦/૩૬ '' | ૧૩૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૮ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૦૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૯૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૮ |
| ૬૮/૩૬ | ૧૩૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૧ | ૬૮ ક્રિમ્પ | ૧૩૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૯.૫૦ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૯.૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૩૩.૫૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૮ | ૮૦ ક્રિમ્પ | ૧૩૦.૫૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૬ | ૮૦/૭૨ રોટો | ૧૩૪ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૫૯૦૩૦ |
| તેજાબી સોનું | ૫૮૨૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૫૬૦૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૫૭૮૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૫૯૦૩૦૦ |
| ચાંદી(૯૯૯) | ૬૯૮૦૦ |
| ચાંદી સિક્કા | ૭૧૩૦૦ |

**તેલ બજાર સુરત** ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૨૭૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૬૮૦ | વનસ્પતિ ઘી | ૧૯૭૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૯૦ | સનફ્લાવર | ૨૪૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૨૮૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૮૦ | દિવેલ | ૨૫૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૬૦ | મકાઇ તેલ | ૨૫૦૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૩૯૦૦ |
| એમ-૩૦ | ૩૮૦૦ |
| એસ-૩૦ | ૩૬૭૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૩૭૨૦ |
| એસ-૩૦ | ૩૬૫૦ |

# 26 જાન્યુઆરીએ માર્કેટ બંધ હોઈ આજે બજાર બહુ જ અસ્થિર રહી શકે છે

**નિફ્ટી ફ્યુચર:** છેલ્લો બંધ 18128.20 અમે અમારા હકારાત્મક દ્રષ્ટિકોણની પુનરુક્તિ કરીએ છીએ અને રીસ્ક મેનેજમેન્ટ પર ધ્યાન આપવાની સલાહ આપીએ છીએ. નીચેની તરફ 18050 પર ધ્યાન રાખવું અને રોકાણ કરી રાખવું. ઉપરની તરફ 18219 સુધી જવાની અપેક્ષા રાખવી, તેને વટાવશેતો તે 18295 સુધી જશે!

**એશિયન પેઈન્ટ:** છેલ્લો બંધ 2811.05 સ્ટોપ લોસ રૂ. 2780 રાખી લાંબા સમય માટે રાખવો. ઉપરની તરફ શેર રૂ. 2842, રૂ. 2890 સુધી જશે. ટૂંક સમયમાં તે રૂ. 2950ના માર્કને વટાવી જશે.

**એચએએલ:** છેલ્લો બંધ 2541.20 સ્ટોપ લોસ રૂ. 2520 રાખી ટ્રેડર્સ આ શેરની ખરદી કરી શકે છે. ઉપરની તરફ શેર રૂ. 2582 સુધી જઈ શકે છે, તેને વટાવશે તો શેર રોકેટ ગતિએ રૂ. 2610 સુધી જશે.

**ટેક એમએએચ:** છેલ્લો બંધ 1068.65 ટેક્નિકલી શેર વિસ્ફોટ માટે તૈયાર છે જે શેરને રૂ. 1082 પર લઈ જશે તેને વટાવશે તો શેર રૂ. 1095 સુધી જશે. સ્ટોપલોસ રૂ. 1056 રાખવો.

**કેનફીન હોમ:** છેલ્લો બંધ 564.10 ચાર્ટ આ શેરમાં અમુક મોટી ખરીદીનો સંકેત કરે છે. સ્ટોપ લોસ રૂ. 555 રાખી શેર ખરીદી રોકાણ કરી રાખવું. શેર ઝડપથી રૂ. 577 સુધી જશે તેને વટાવશે તો શેર રૂ. 588 સુધી જશે!

**એચડીએફસી બેન્ક:** છેલ્લો બંધ 1691.25 કોઈ પણ ઘટાડો ખરીદી માટે સારી તક છે. સ્ટોપ લોસ રૂ. 1672 રાખી ખરીદી

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

કરવાની ભલામણ કરીએ છીએ. આ શેર રૂ. 1717 સુધી જશે જો તેને વટાવશે તો રૂ. 1740 સુધી જશે.

**બજાજ ઓટો:** છેલ્લો બંધ 3689.75 સ્ટોપ લોસ રૂ. 3651 રાખી ઘટાડા પર લોંગ રમવું અપર ટાર્ગેટ રૂ. 3734, તેને વટાવશે તો શેર રૂ. 3780 સુધી જશે!

**ટાટા મોટર:** છેલ્લો બંધ 422.75 આ શેર બહુ જ વિસ્ફોટક લાગે છે. સ્ટોપ લોસ રૂ. 415 રાખી ઓપનિંગ બેલ પર તેની ખરીદી કરી શકાય. શેર ઝડપથી ઈન્ટ્રાડેમાં રૂ. 430 સુધી જશે તેને વટાવશે તો શેર રૂ. 437 સુધી જશે!

**રોકાણકારો માટેના શેર**

**અદાણી વિલમાર:** છેલ્લો બંધ 572.65 રોકાણ કરવા માટેનો સમય છે! સ્ટોપ લોસ રૂ. 550 રાખી ઘટાડા પર ખરીદી કરવી, અપર ટાર્ગેટ રૂ. 630 રાખવો, તેને વટાવશે તો આવનારા મહિનાઓમાં રૂ. 700 સુધી જશે!

**એસયુબીઈએક્સ:** છેલ્લો બંધ 37.90 લોંગ ટર્મ આઉટલુક સાથે રોકાણકારો માટે આ સારું રોકાણ છે. સ્ટોપલોસ રૂ. 35 રાખી શેર ખરીદી રોકાણ કરી રાખવું, આવનારા મહિનાઓ માટે અપર ટાર્ગેટ રૂ. 50 છે.

**લ્યોડ સ્ટીલ (એલએસઆઈએલ):** છેલ્લો બંધ 22.55 અમને લાગે છે કે વર્તમાન સપાટી પર રોકાણકારો આમાં રોકાણ કરી મીડિયમ ટર્મમાં લાભ મેળવી શકે છે. સ્ટોપ લોસ રૂ. 20 રાખી શેરની ખરીદી કરી રોકાણ કરી રાખવું. અમારો તાત્કાલિક ટાર્ગેટ રૂ. 27-30 છે!

**નોંધ:** ભલામણો ટેક્નિકલ વિશ્લેષણ પર આધારીત છે. ટ્રેડિંગમાં નુકસાનનું જોખમ છે.

## માર્કેટ ઈનસાઈડર

અમદાવાદ, તા. 24

-એરેટેડ ઓટોક્લેવ્ડ કોન્ક્રીટ બ્લોક્સ, બ્રિક્સ અને પેનલ્સના ઉત્પાદનમાં અગ્રણી કંપનીઓ પૈકીની એક બિગબ્લોક કન્સ્ટ્રકશન લિ.એ ત્રીજા ક્વાર્ટરના જાહેર કરેલા પરિણામોમાં નફો રૂ. 7.70 કરોડનો નોંધાવ્યો છે. જે વાર્ષિક ધોરણે 81.6 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ગત વર્ષે આ સમયગાળામાં રૂ. 4.24 કરોડનો નફો કર્યો છે. કંપનીની આવકરૂ. 49.55 કરોડ નોંધાઈ હતી. જેથી શેરદીઠ આવક વાર્ષિક ધોરણે 81.2 ટકા વધીને રૂ. 1.09 પ્રતિ શેર રહી હતી.

-વ્યક્તિના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ઉંઘ આવશ્યક છે, તેમ છતાં ભારતમાં લાખો લોકોને પુરતી ઉંઘ મળતી નથી. પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ સાથેના એસોસિએશન દર્શાવે છે કે સરેરાશ માત્ર 15 ટકા ભારતીયો રાત્રે સારી ઉંઘ લે છે. લગભગ 60 ટકા ભારતીયો ઓકેશનલ સ્લીપનેસનો સામનો કરે છે. 40 ટકા લોકો કામકાજના દિવસોમાં 7 કલાકથી ઓછી ઉંગ લે છે. આમ, મોટા ભાગના રોજિંદા જીવન પર નિંદ્રાની અસરથી અજાણ છે.

-મારૂતિ સુઝુકી ત્રીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે કરવેરા બાદનો નફો 132 ટકા ઉછળીને રૂ. 2351 કરોડ કરોડનો થયો છે, જ્યારે કુલ વેચાણ 25.52 ટકા વધીને રૂ. 27849.20 કરોડનો થયો છે. જેના લીધે 2.35 ટકા વધીને રૂ. 8621.25નો ભાવ બોલાતો હતો.

-નઝારા ટેકનોલોજીમાં સતત ત્રીજા ટ્રેડિંગ સેસન્સમાં તેજી જોવા મળી હતી. જે આજે 2.48 ટકા વધીને રૂ. 608.50નો ભાવ બોલાતો હતો. જે છેલ્લા એક વર્ષમાં 46.32 ટકા ઘટયો હતો. જેની સામે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 12.43 ટકા ઘટયો છ.

-ચોલોમાંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સમાં સતત પાંચમા ટ્રેડિંગ સેસન્સમાં વધારો જોવા મળ્યો છે. જે આજે 1.92 ટકા વધીને રૂ. 726.50નો ભાવ બોલાતો હતો. જેની સામે નિફ્ટી એનર્જી ઈન્ડેક્સ 6.23 ટકા વધ્યો છે.